તબીબી ક્ષેત્રના વિદ્યાર્થીઓને ફિલિપાઈન્સમાં અભ્યાસની તક



# આજે શહેરમાં ભાઈ-બહેનનું હેત પર્વ ઉજવાશે

## રક્ષાબંધન એટલે માત્ર ભાઈ બહેનનું પર્વ જ નથી મહારાષ્ટ્રમાં નાળિયેરી પુનમ તરીકે ઉજવાય છે, ખેડુતો પણ હળનું પુજન કરે છે







ગાંધીનગર તા ૨૮

રક્ષાબંધન ભાઈ બહેનના હેતનુ પર્વ ... જો કે આ પર્વ માત્ર ભાઈ બહેનનુ જ નથી.પુરોહીત અને યજમાન પણ એકમેકની રક્ષા કાજે એકબીજાને રાખડી બાંધે છે.લક્ષ્મીજીએ બલીરાજાને રાખડી બાંધી હતી. જયારે ભગવાનને પણ છોડાવ્યા હતા.આ દિવસ સાથે બળદેવજીનો પણ મુખ્ય સંબંધ છે. ખેડુતો હળની પુજા કરે છે. મહારાષ્ટ્રમાં રક્ષાબંધનના દિવસને નાળિયેરી પુનમ તરીકે ઓળખાય છે. સમુદ્રમાં નાળિયેર પધરાવામાં આવે છે. મુખ્યત્વે ભાઈ બહેનના પર્વ તરીકે ઓળખાતા રક્ષાબંધનની ઉજવણીને અનુલક્ષી નગરજનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહયો છે. બહેનો પણ અવનવી રાખડી ખરીદી પોતાના ભાઈની રક્ષાની ભાવના સાથે રાખડી બાંધવા માટે ઉત્સુક બની છે. રાખડી બાંધવાનુ ઉત્તમ મુહુર્ત બપોરે ૨:૫૪ મિનિટથી શરૂ થતુ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જયારે ભુદેવો પણ આજે જનોઈ બદલશે.

હિન્દુ સંસ્કૃતિમાં પ્રત્યેક તહેવારનુ વિશેષ મહત્વ છે. જયારે તહેવારોની ઉજવણીમાં પણ શાસ્ત્રોકત અને ધાર્મિક રીતે કોઈ અર્થ અને હેતુ સમાયેલો હોય છે. જેનાથી સમાજ જીવનને એક ઉમદા મેસેજ પણ મળતો હોય છે. રક્ષા બંધનનુ પર્વ એટલે ભાઈ બહેનના પર્વની

### બપોર બાદ રાખડી બાંધવાનુ શ્રેષ્ઠ મુહુર્ત

ઉજવણી પોતાના ભાઈની રક્ષા માટે બહેન પોતાના ભાઈને રાખડી બાંધે અને તેની સામે ભાઈ પણ બહેનને ભેટ સોગાદો આપી પવિત્ર પ્રેમ અને લાગણીની અભિવ્યકિત કરે છે. ગાંધીનગરમાં પણ રક્ષાબંધનની પુર્વ સંધ્યાએ બજારમાં પણ ભીડ જોવા મળી હતી. નગરજનો રક્ષાબંધનની ઉજવણી માટે ઉત્સુક બન્યા છે. ત્યારે રક્ષાબંધનની ઉજવણીમાં મુખ્ય રાખડી બાંધવાનુ મહત્વ વિશેષ હોવાથી આ માટે મુહુર્ત પૅણ વિશેષ બાબત બની રહે છે. સે-૨૨ પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે રક્ષાબંધન માત્ર ભાઈ બહેનનો તહેવાર નથી. રક્ષાની ભાવના સાથે આ તહેવાર વિવિધ ધાર્મિક બાબતોને ધ્યાને રાખી ઉજવાય છે. જો કે રાખડી બાંધવા માટેનુ શ્રેષ્ઠ મુહુર્ત બપોરે ૨: ૫૪ કલોકથી શરૂ થાય છે. શુક્રવારે રાત્રિના ૩ કલાકથી વિષ્ટી યોગ શરૂ થાય છે. જયારે શનિવારે બપોરે આ યોગ પુરો થાય છે. જેથી ત્યારબાદ રાખડી બાંધવા માટેનો સમય શ્રેષ્ઠ હોવાનુ જણાંવાયુ છે. શહેરીજનો રાખડીના આ પર્વને હેતેથી ઉજવવા ઉત્સુક બન્યા છે. રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ નગરના બજારમાં પણ ભારેભીડ ભાડ જોવા મળી હતી. બહેન પાસે રક્ષા બંધાવ્યા બાદ ભાઈ પણ બહેનને ભેટ સોગાદો આપે છે. ભાઈ બહેનના આ પ્રેમની અભિવ્યકિતના આ પર્વની પારિવારિક ઉજવણી સાથે અન્ય ધાર્મિક બાબતો પણ જોડાયેલી છે. મહારાષ્ટ્રમાં નાળિયેરી પુનમ તરીકે આળખાતા આ દિવસે સમુદ્રમાં શ્રીફળ પધરાવામાં આવે છે. જયારે કેટલાક ઠેકાણે ખુડુતો પણ હળની પુજા કરે છે. રક્ષાબંધન પછીના દિવસે પણ આ વખતે રવિવારની રજા હોવાથી નગરજનોએ ટુંકા પ્રવાસનુ આયોજન કર્યુ હોવાનુ ધ્યાને આવ્યુ છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## @ગાંધીનગર

● સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૯ ઓગષ્ટ શ્રાવણી પૂનમના રોજ સવારે ૮.૪૫ કલાકે બ્રહ્મભવન, સે-૧૬ ખાતે સમુહ યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ યોજાશે.

● તાવરિયાજી ગ્રુપ દ્વારા લયબધ્ધ શ્વસન અને સંપૂર્ણ સ્વાસ્થ્યનો કાર્યક્રમ બલરામ મંદિર, સે-૧૨ ખાતે સવારે ૮ કલાકે યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત પાઠ અને શિવ વંદના સુબોધભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૦૨/૧ વિરાટનગર ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે રાખડીના હિંડોળા યોજાશે.

● સે-૩ રામેશ્વર મંદિર ખાતે રાખડીના હિંડોળા યોજાશે.

● સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતીવંદના જશોદા બા જાનીના નિવાસસ્થાન ૪૮, વિરાટનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● સંસ્કાર ગૃપ ગાંધીનગર દ્વારા વૃક્ષને રાખડી બાંધી તેની રક્ષા કરવાની પ્રતિજ્ઞા કરવાનો કાર્યક્રમ સે-૭ના બગીચા ખાતે સાંજે ૬.૧૫ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## એમ.બી. પટેલ કન્યા શાળામાં રાખડી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

એમ.બી. પટેલ કન્યા શાળા ખાતે ભાઈ બહેનના પવિત્ર સંબધને ઉજાગર કરતો તહેવાર રક્ષાબંધન નિમિત્તે ધો-૫ થી ધો-૮ની વિદ્યાર્થીની બહેનો માટે રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ૪૩૨થી વધુ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાને અંતે સુંદર અને આકર્ષક રાખડી બનાવનાર વિદ્યાર્થીઓમાં ધોરણ વાઈઝ વિજેતા જાહેર કરાયા હતા. આ વિજેતાઓમાં ધો-૫માં હેન્સી મોતીવારસ અને ક્રિશ્નાબા વાઘેલા, ધો-૬માં દેવ્યાની શ્રીમાળી, ધો-૭માં મિતલ પરમાર, ધો-૮માં નિહારીકા માંનાગર અને શ્રુતિ ઠાકોરનો સમાવેશ થાય છે. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ક્રિએટીવ ઝોનના શ્રેયાબેન આઈ. પટેલ અને સરોજબેન જે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનુ આયોજન શાળાના શિક્ષિક અલકાબેન એચ. પટેલે કર્યું હતું. શાળાના આચાર્ય નીરૂબેન જે. પટેલે વિજેતા થનાર તેમજ શાળાની તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન તથા શુભેચ્છા પાઠવી હતી.

## સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈનાં વિવિધ સ્થળોએ વ્યાખ્યાનો યોજાયાં

ગાંધીનગર, તા.૨૮

સુપ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ તા. ૧૫ ઓગષ્ટની સવારે કડી સર્વ વિદ્યાલયના પ્રાંગણમાં ધ્વજવંદન કરાવ્યા બાદ 'નાગરિક ધર્મ' વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. તા. ૧૬ ઓગષ્ટની સવારે કલિકુંડ તીર્થ, ધોળકા ખાતે જૈનાચાર્ય રાજશેખરસૂરિની અધ્યક્ષતામાં યોજાયેલ શિક્ષણસત્રમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ.કેશુભાઈ દેસાઈએ 'શિક્ષક : સમાજ પરિવર્તનનો પરિવ્રાજક' શીર્ષક હેઠળ આપેલ વ્યાખ્યાનમાં જાણીતા શિક્ષણવિદ ડૉ. હરેશ ધોળકિયા તથા વિચારક રોહિત શાહ ઉપસ્થિત રહ્યા હતા. તા. ૧૯ ઓગષ્ટ, ૨૦૧૫ના દિવસે સરસપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ મુકામે યુજીસી પ્રેરિત રાષ્ટ્રીય પરિસંવાદમાં ડૉ. કેશુભાઈ દેસાઈએ 'ભારતીય કથા-સાહિત્યમાં ગ્રામ ચેતના' વિષયની સવિસ્તર છણાવટ કરતું વ્યાખ્યાન આપ્યું હતું. તે જ દિવસે સાંજે ૫-૦૦ વાગે વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે ભદ્રંકર સ્વામી વિદ્યાવિસ્તાર શ્રેણી અંતર્ગત ડૉ. કેશુભાઈ દેસાઈએ 'ઉત્તર ગુજરાતના સંતોનો સામાજિક પ્રભાવ' એ વષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં જાણીતા સાહિત્યકાર પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, ચંદ્રકાંત શેઠ અને સાહિત્ય પરિષદના મહામંત્રી પ્રફુલ્લ રાવલ સહિત ગુજરાતના નામાંકિત સર્જકો ઉપસ્થિત રહ્યા હતાં. ડૉ. કેશુભાઈ દેસાઈએ ભચાઉ (કચ્છ) ખાતે વગડ વેલફેર ટ્રસ્ટની નિશ્રામાં કન્યા વિદ્યાલય ખાતે તેમજ ટાઉનહોલમાં લાયન્સ કલબના ઉપક્રમે મનનીય પ્રવચનો કર્યા હતાં.

એક પ્રબુદ્ધ સમાજધર્મી સર્જક તરીકે આ તમામ કાર્યક્રમોમાં ડૉ.કેશુભાઈ દેસાઈનું બહુમાન કરાયું હતું.



પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે યોજાતા વિવિધ ધાર્મિક કાર્યક્રમો અંતર્ગત વેરાઈ મહિલા મંડળ દ્વારા જાગેશ્વર મહાદેવ, રાંધેજા ખાતે ભાગવતકથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે અન્નકુટ પણ યોજાયો હતો.

(તસવીર : દિપક જાની)

## પાન-બીડીનાં ગલ્લાને પણ તસ્કરોએ ન છોડયો...!!

### સે-૨૬નાં ગલ્લામાંથી ૧૫ પેકેટ સીગારેટ, ૪૦ પડીકીઓ ઉપરાંત ચ્હાંની તપેલી-સગડી અને ગેસનો બાટલો પણ ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં ત્રાટકતા તસ્કરોનો નિશાન જોતા મોટો પ્રશ્ન થાય છે કે આ તસ્કરો જરૂરિયામંદો છે કે મોજશોખને પહોંચી વળતા નથી તે માટે આ રવાડે ચઢયા છે? ગઈ રાત્રે સે-૨૬ જીઆઈડીસી પાસેના એક પાન બીડીનાં ગલ્લાને નિશાન બનાવી આ તસ્કરો સિગારેટ, પડીકીઓ, ચ્હાનું તપેલુ, સગડી અને ગેસની બોટલ પણ ચોરી કરી ભાગી ગયા છે. સે-૨૧ પોલીસે ગલ્લાધારકની ફરિયાદને આધારે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

સેકટર-૨૬ જીઆઈડીસી કવાટર્સ ખાતે રહેતા રાકેશભાઈ ગુરુસિંગભાઈ ભાભોરનો જીઆઈડીસીનાં ગેટની બાજુમાં જ પાન-બીડી અને ચ્હાંનો ગલ્લો છે. ગઈ રાત્રે તસ્કરોએ આ નાનકડા ગલ્લાને નિશાન બનાવ્યો હતો. બંધ ગલ્લાનાં લોકની કડી કાપીને ગલ્લામાંથી તસ્કરો ૪૦ પડીકીઓ, ૧૫ સિગારેટના પેકેટ, રિક્ષાની બેટરી, ચ્હાં મુકવાની તપેલી, ઢાંકણું, સગડી, રૂ. ૪૦૦ રોકડા અને એક ગેસનો બાટલો મળીને કુલ રૂ. ૬૮૦૦નો મુદ્દામાલ ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતાં. ગલ્લા માલિક રાકેશે તેના ગલ્લામાં થયેલી ચોરી અંગે સે-૨૧ પોલીસને જાણ કરતાં જમાદાર પ્રવિણસિંહ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

## ગાંધીનગરમાં ૩૧મીથી કારકિર્દી આયોજન સપ્તાહ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લા શિક્ષણ, જિલ્લા માહિતી અને રોજગાર વિનિમય કચેરીના સંયુકત ઉપક્રમે તા. ૩૧મી ઓગષ્ટથી તા. ૪ સપ્ટેમ્બર ૨૦૧૫ દરમિયાન કારકિર્દી આયોજન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કારકિર્દી સપ્તાહનો ઉદઘાટન સમારંભ તા. ૩૧મી ઓગષ્ટ ૨૦૧૫ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે માણસા તાલુકાના ખરણા ગામની શ્રીમતી શા.અ.ભા. પટેલ પંચશીલ વિદ્યાલય ખાતે યોજાશે. સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ કારકિર્દી ચાર્ટ પ્રદર્શન, શાળાઓમાં નિબંધ વકતૃત્વ સ્પર્ધા, શાળાના કેરિયર ટીચરો માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર, શાળાઓમાં વિદ્યાર્થીઓનું વ્યકિતગત વિકાસ અંગેનું માર્ગદર્શન, વાલી સંમેલન, વિદ્યાર્થીઓને ટેકનીકલ શાળાની મુલાકાત, પ્રશ્નોત્તરી વગેરે કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

જેમાં નિબંધ અને વકતૃત્વ સ્પર્ધામાં ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે યોજાશે. બંને સ્પર્ધા અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી માધ્યમમાં યોજાશે. નિબંધ સ્પર્ધાનો વિષય વિજ્ઞાન જગતની સિધ્ધીઓ અને વકતૃત્વ સ્પર્ધાનો વિષય રમતમાં ક્રિકેટનું મહત્વ રાખવામાં આવ્યો છે.

આ કારકિર્દી સપ્તાહના ઉદઘાટન સમારંભમાં અતિથિ વિશેષ પદે પ્રાદેશિક કચેરી (રોજગાર), અમદાવાદના નાયબ નિયામકશ્રી બી.વી. મોડિયા, જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના નાયબ માહિતી નિયામકશ્રી નરેશભાઈ ચૌધરી, શ્રીમતી શા.અ.ભા. પટેલ પંચશીલ વિદ્યાલય, ખરણાના પ્રિન્સીપાલ શ્રી એસ.ડી. પટેલ ઉપસ્થિત રહેશે.

આ સપ્તાહના સમાપન સમારંભ તા. ૪ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે દહેગામ તાલુકાના રખિયાલ ગામની પ્રકાશ વિદ્યાલયમાં યોજાશે. આ દિવસે વિવિધ સ્પર્ધામાં વિજેતા બનેલ વિદ્યાર્થીઓને ટ્રોફી વિતરણ કરવામાં આવશે. તેમજ એક દિવસીય અભિમુખ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર પણ યોજાશે. સમાપન સમારંભમાં અધ્યક્ષ સ્થાને જયોતિ કેળવણી મંડળ, રખિયાલના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દિલીપભાઈ જે. અમીન અને મુખ્ય મહેમાન પદે વ્યવસાય માર્ગદર્શન મદદનીશ અધિકારી શ્રીમતી એમ.બી. દવે ઉપસ્થિત રહેશે.

આ સપ્તાહનું સુચારું આયોજન જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.એસ. બારડ, જિલ્લા રોજગાર અધિકારીશ્રી એન.જી. કુબાજી અને જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના નાયબ માહિતી નિયામકશ્રી નરેશ ચૌધરીના માર્ગદર્શન હેઠલ જિલ્લા રોજગાર કચેરીના અધિકારી-કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું છે.

## નારી સંરક્ષણ ગૃહ ખાતે રક્ષાબંધનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ અને પ્રજાપિતા બ્રહ્માકુમારી સંસ્થાન દ્વારા નારી સંરક્ષણ ગૃહ માતૃછાયા ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પ્રજાપિતા બ્રહ્માકુમારીના દીદી ભાવનાબેન અને તપસ્વીનીબેન દ્વારા રક્ષાબંધન પર્વની પવિત્રતા વિશે સમજ આપી હતી. તેમજ નારીગૃહની બહેનો સહિત સ્ટાફ તથા હાજર મહાનુભાવોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વ નિમિત્તે સંકલ્પ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે નારી ગૃહના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, સરોજબેનન, લીલાબેન તથા અન્ય કમીટી મેમ્બરો ઉપસ્થિત રહ્યા હતા.

## વાતવાતમાં

● ઈન્ટરનેટ બંધ થઈ જતા ત્રણ દિવસ તો બેકાર ગયા અને આવકવેરા રીટર્ન ફાઈલ કરવાની તારીખ આડે જૂજ દિવસો બાકી રહ્યાં. નગરના ટેક્ષ કન્સલટન્ટોના ત્યાં કરદાતાઓએ રીટર્ન ભરવા લાઈન લગાવી છે.

● સારું થયું કે વનવિભાગે ઝંઝાવાતી વરસાદમાં પડેલા વૃક્ષો હજુ હટાવ્યા નથી. ગુજરાત બંધના એલાનને સફળ બનાવવા રસ્તા બંધ કરવા પાટીદારોએ આ વૃક્ષોનો ઉપયોગ કરતા નવા વૃક્ષો કપાતા તો બચી ગયા ને?

● રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ નગરની બહેનોએ રાખડી સેલમાં ભીડ જમાવી હતી તો ભાઈઓએ ગીફટ શોપમાં. આ વખતે રક્ષાબંધન સાથે શનિ-રવિની રજા હોવાથી ઘણા પરિવારોમાં અગાઉથી જ 'બહારગામ' જવાના પ્લાનીંગ કરી દેવાયા છે.

● ગુજરાતમાં આજકાલ પાટીદાર પાવરનો વાવર છવાયો છે. જે કામ પોલીસથી જાતે ના થયું તે પાટીદારોના કારણે રાતોરાત થઈ ગયું. પોતાના ખાનગી વાહનો પર 'પોલીસ' લખાવી ફરતા પોલીસમેનોએ તાત્કાલિક ધોરણે આ સ્ટીકરો હટાવી દીધા છે.

● અંતે ઘીના ઠામમાં ઘી રહ્યું. લાયન્સ કલબના આગેવાનોએ મોડી રાત્રી સુધી ચર્ચા વિચારણા બાદ પરંપરાગત રીતે કરાતી નવરાત્રિની ઉજવણીનો આ વર્ષે પણ આયોજન કરવાનો નિર્ણય કર્યો છે.

● ખ-૩ સત્ય સર્કલે રંગબેરંગી પાણીના ફુવારા ચાલુ કરતા ખ રોડ પરના અને વાવોલ તરફ જતા વાહન ચાલકો ઉપરાંત આસપાસના રહીશો આનંદિત થયા.

- સમીર રામી
9924446645

## બાળ સંરક્ષણ ગૃહમાં રક્ષાબંધનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૮

સેકટર-૧૩ સ્થિત સરકારી બાળ સંરક્ષણ ગૃહ ખાતે રહેતા બાળકોને નારી સંરક્ષણ ગૃહની બહેનો દ્વારા રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. જયારે બાળ સંભાળ ગૃહના બાળકોએ તબલા અને હાર્મોનિયમ વગાડીને બધાને મંત્ર મુગ્ધ કરી મનોરંજન પુરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુપ્રિટેન્ડન્ટ જશોદાબેને હાજર રહી રક્ષાબંધન પર્વની માહિતી આપી હતી.

## રાજય-જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળાને રૂ. ૫ લાખનો પુરસ્કાર અપાશે

### રાજયમાં શિક્ષણનું સ્તર સુધારવા રૂ. ૧ લાખથી રૂ. ૫ લાખ સુધીના પ્રોત્સાહક ઈનામોની સરકારની યોજના

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત સરકાર દ્વારા રાજયમાં શિક્ષણના સ્તરને સુધારવા અસરકારક પગલાં લેવામાં આવી રહ્યાં છે. આ માટે રાજય સરકાર દ્વારા શાળાઓની જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠતા અનુસાર પસંદગી કરવામાં આવશે જેમાં પ્રોત્સાહક ઈનામો આપી શાળાઓને બિરદાવવા ઉપરાંત આર્થિક સહયોગ પુરો પાડવા સહિતનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

રાજયમાં શિક્ષણને પ્રાધાન્ય આપવા શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા અને રાજયકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનારી સરકારી અનુદાન મેળવતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને રૂ. ૧ લાખથી રૂ. ૫ લાખ સુધીનું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે. આ ઈનામી યોજનાઓમાં જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામનાર પ્રથમ ત્રણ શાળાઓને રૂ. ૧ લાખ અને રાજયકક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય શાળાઓને અનુક્રમે રૂ. ૫ લાખ, રૂ. ૩ લાખ અને રૂ. ૨ લાખની રકમ આપવામાં આવે છે.

વધુમાં રાજયની તમામ સરકારી અનુદાન મેળવતી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વધુ હરિફાઈ કરીને વધુમાં વધુ ઈનામી રકમ-યોજનાનો લાભ મેળવે તેવો અનુરોધ શિક્ષણ વિભાગ દ્વારા શાળાના આચાર્યો, શાળા સંચાલકોને કરવામાં આવ્યો છે. આ અંગે વધુ માહિતી માટે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીનો સંપર્ક કરવા સંયુકત શિક્ષણ નિયામક, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## તબીબી ક્ષેત્રના વિદ્યાર્થીઓને ફિલિપાઈન્સમાં અભ્યાસની તક

ગાંધીનગર, તા.૨૮

હવે ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ફિલિપાઈન્સમાં તબીબી શિક્ષણ ક્ષેત્રે અભ્યાસ કરવાની તકો સર્જાઈ રહી છે. ફિલિપાઈન્સની ડી લા સાલે હેલ્થ સાયન્સીસ ઈન્સ્ટીટયુટનું એક ડેલિગેશન હાલ ગુજરાતની મુલાકાતે છે અને તેમણે તબીબી શિક્ષણ માટે ગાંધીનગરની ઈરમા ઈન્સ્ટીટયુટને એકસકલુઝીવ પાર્ટનર તરીકે પસંદગી કરી છે. આજે ઈન્ફોસીટી ખાતે એમડીના વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા પણ લેવામાં આવી હતી.

ફિલિપાઈન્સની ગણના વિશ્વમાં તબીબી શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ આપતા સલામત સ્થળોમાં થાય છે અને વિશ્વના સૌથી મોટા ત્રણ અંગ્રેજી ભાષી દેશોમાં તેની ગણના થતી હોવાથી ભારતીય મહત્વાકાંક્ષી વિદ્યાર્થીઓને અમે તબીબી ક્ષેત્રે તકો પુરી પાડી શકીશું. આ શબ્દો છે ઈરમા એજયુકેશન કન્સલટન્સીના સલાહકાર પ્રા. પ્રવેશ ભાડવિયાના. વળી, ફિલિપાઈન્સમાં જીવન નિર્વાહ

### ફિલિપાઈન્સની ડી લા સાલે હેલ્થ સાયન્સીસ ઈન્સ્ટીટયુટે ગાંધીનગરની ઈરમા સાથે જોડાણ કર્યું : યુનિવર્સિટીના ૧૦ અધિકારીઓનું ડેલિગેશન ગાંધીનગરની મુલાકાતે

ખર્ચ પણ માપસરનો હોવાથી વિદ્યાર્થીઓને આર્થિક બાબતોની પણ ઝાઝી ફિકર કરવી નહી પડે તેવો તેમણે સધિયારો આપ્યો હતો. ફિલિપાઈન્સથી ડી લા સાલે હેલ્થ સાયન્સીસ ઈન્સ્ટીટયુટના વાઈસ ચાન્સેલર જોનિટો ઓ. કેબા નિયાસ, વાઈસ ડીન જોઝ એન્ટો નિયો પી. એમિસ્ટાર્ડ, એડમિશન્સ ચેર મિસ. એઅિલા બી.બારોસ્સો, પ્રોગ્રામ ડિરેકટર મિસ. તાબીથા એલ. એમોરા સહિત કુલ ૧૦ અધિકારીઓનું ડેલિગેશન આજે ગાંધીનગર પધાર્યું હતું.

આઈઆઈઆરએમએ એજયુકેશનના સીઈઓ પ્રવાકર




શાહે આજે ઈન્ફોસીટી ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં માહિતી આપતા જણાવ્યું હતું કે ઈન્સ્ટીટયુટ તેનીજ કોલેજો મારફતે એકેડેમિક પ્રોગ્રામ ઓફર કરે છે જેમાં મેડીસીન, રિહેબીલીટેશન, સાયન્સ, મેડીકલ રેડિએશન ટેકનોલોજી તથા નર્સીંગ અને સ્કૂલ મિડવાઈફરીનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે ડી લા સાલે યુનિવર્સિટી હેલ્થ કેર, શિક્ષણ અને તબીબી ક્ષેત્રે ઈનોવેટીવ લીડર હોવાનું ગૌરવ ધરાવે છે જેમાં લાસાલીયન ઈન્સ્ટીટયુશનના ૨૫ વર્ષ, અને કેવાઈટમાં હેલ્થકેર અને શિક્ષણ સંસ્થાના પ્રારંભના ૩૫ વર્ષની ઉજવણી કરાઈ રહી છે. આ યુનિ.ના ડેલીગેશન દ્વારા આજે ઈન્ફોસીટી રિસોર્ટ ખાતે હેલ્થ સાયન્સીસ ઈન્સ્ટીટયુટના એમડીના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પરીક્ષાનું આયોજન કરાયું હતું. જેમાં ૨૯ વિદ્યાર્થીઓ સામેલ થયા હતા. આ પરીક્ષાના પરિણામને આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. ૬ દિવસની ભારતની મુલાકાત દરમિયાન ડેલિગેશને રાજસ્થાનના જયપુર, કોટા અને ઉદયપુરની પણ મુલાકાત લીધી હતી.

## ચિરવિદાય

● સ્વ. નવુબા નેનાજી ડાભી, ઉ.વ.૭૦

● સ્વ. ગાભાજી નાથાજી ઠાકોર, ઉ.વ.૭૪